અપીલ અરજી નં.૪૧૪ તા.૨૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની તા.૧૪–૨–૧૧ની અરજીથી (૧) રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર એસ.એમ.સી ના આઈ ડી. નં.૩૫૦ માં મળેલ જવાબ રૂમ નં.૬૭,૬૮ (બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ) ની નકલ અત્રે કચેરી ઉપલબ્ધ રેકોડ ઉપર જણાવેલ નથી અને ગ્રૃહ પ્રવેશ ની પણ પરવાનગી આપવામાં આવેલ નથી. વિજીલન્સ ની રિપોર્ટ આઈ ડી નં.૩૫૦ ના જવાબમાં લખવું કે રૂમ નં.૬૭,૬૮ માં જવેલર્સની ઝવેરાતની દુકાન સ્થળ તપાસ દરમ્યાન શરૂ થયેલ છે. તો આમા સંકળાયેલા (બંધાયેલ) આર.પી. પટેલ અને આર.વી. ગામીતની વિજીલન્સ તપાસ કરાવી આ બન્ને ઓફીસરો એ કઈ લાંચ (ભ્રષ્ટાચાર) કરીને રૂમ નં.૬૭,૬૮ નો આખો બાંધકામ ગેરકાયદેસર બાંધકામ પુરુ કરાવી દીધુ એ ઓફિસરો પર અને રૂમ નં.૬૭,૬૮ પર કઈ કાર્યવાહી કરી છે તેની નકલો તથા કઈકાર્યવાહી કરવામાં આવશે તેની ચોખવટની નકલો આપવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૪/૨૦૧૦–૧૧

શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની તા.૧૪–૨–૧૧ની અરજીથી (૧) રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર એસ.એમ.સી ના આઈ ડી. નં.૩૫૦ માં મળેલ જવાબ રૂમ નં.૬૭,૬૮ (બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ) ની નકલ અત્રે કચેરી ઉપલબ્ધ રેકોડ ઉપર જણાવેલ નથી અને ગ્રૃહ પ્રવેશ ની પણ પરવાનગી આપવામાં આવેલ નથી. વિજીલન્સ ની રિપોર્ટ આઈ ડી નં.૩૫૦ ના જવાબમાં લખવું કે રૂમ નં.૬૭,૬૮ માં જવેલર્સની ઝવેરાતની દુકાન સ્થળ તપાસ દરમ્યાન શરૂ થયેલ છે. તો આમા સંકળાયેલા (બંધાયેલ) આર.પી. પટેલ અને આર.વી. ગામીતની વિજીલન્સ તપાસ કરાવી આ બન્ને ઓફીસરો એ કઈ લાચ (ભ્રષ્ટાચાર) કરીને રૂમ નં.૬૭,૬૮ નો આખો બાંધકામ ગેરકાયદેસર બાંધકામ પુરુ કરાવી દીધુ એ ઓફિસરો પર અને રૂમ નં.૬૭,૬૮ પર કઈ કાર્યવાહી કરી છે તેની નકલો તથા કઈ કાર્યવાહી કરવામાં આવશે તેની ચોખવટની નકલો આપવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર (સી) અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આ. નં.૭૭૯ તા.૨૪–૨–૧૧ થી આપેલ જવાબો ખોટા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૯ તા.૩૦–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કોઈ અરજી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો તેની વિગતો તથા મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો ફી ભર્યાની વિગત સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૬ તા.૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની તા.૨૯–૧૧–૧૦ ની મુળ અરજીની નકલ, રાંદેરઝોન તરફથી વીજીલન્સ વિભાગને આઈ ડી નં.૩૫૦ તા.૨૯–૧૧–૧૦ ની અરજી બાબતે મુદ્દા નં.૫ અંગે તબદીલ કર્યા અંગે નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૫૫૧ તા.૧–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને તા.૨૯–૧૧–૧૦ ની આઈ ડી નં.૩૫૦ અંગે આપેલી માહિતી વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૫૭૮ તા.૧૬–૧૨–૧૦ ના પત્રની નકલ, રાંદેરઝોન તરફથી વીજીલન્સ વિભાગને મુદ્દા નં.૩ અંગે તબદીલ કર્યા અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૫૪ તા.૧૯–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૫૪ તા.૧૯–૨–૧૧ થી તબદીલ કર્યા અંગેના , પુરાવાની નકલ જેમાં અરજદારે અપીલમાં પુરાવા સામેલ કરેલ છે જેમાં અરજદારે મુળ અરજીની નકલ અને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ આ.નં.૭૭૯ તા.૨૪–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. સાથે પૂરક વિગતના પત્રમાં અરજદારે અપીલ ૪૧૫ માં આધાર સામેલ છે તેવું જણાયેલ છે. પરંતુ ૪૧૫ ની અપીલમાં પણ અરજદારે તેવા કોઈ પુરાવા રજૂ કર્યાનું જણાતું નથી. આ સિવાય અરજદાર તરફથી અન્ય કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૪–૨–૧૧ ની અરજીથી રૂમ નં.૬૭,૬૮ ના બીયુસી અને ગ્રૃહ પ્રવેશ તથા દુકાનના બાંધકામબાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી કમિ.શ્રી ઝોનલચીફ વેસ્ટઝોન અને વીજીલન્સ

ઓફિસરશ્રીને સંબોધતી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૫૪ તા.૧૯–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ ઓફિસરને મુદ્દા નં.૩ અંગે તબદીલ કરવામાં આવેલ. જયારે તેના અનુસંધાનમાં વેસ્ટઝોન તરફથી ૫૦ નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૭૯ તા.૨૪–૨–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જવાબો માંગ્યા તેમને તબદીલ કર્યા વિના ખોટા જવાબો આપ્યાની રજૂઆત કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર એસ.એમ.સી ના આઈ ડી. નં.૩૫૦ માં મળેલ જવાબ રૂમ નં.૬૭,૬૮ (બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ) ની નકલ અત્રે કચેરી ઉપલબ્ધ રેકોડ ઉપર જણાવેલ નથી અને ગ્રૃહ પ્રવેશ ની પણ પરવાનગી આપવામાં આવેલ નથી. વિજીલન્સ ની રિપોર્ટ આઈ ડી નં.૩૫૦ ના જવાબમાં લખવું કે રૂમ નં.૬૭,૬૮ માં જવેલર્સની ઝવેરાતની દુકાન સ્થળ તપાસ દરમ્યાન શરૂ થયેલ છે. તો આમા સંકળાયેલા (બંધાયેલ) આર.પી. પટેલ અને આર.વી. ગામીતની વિજીલન્સ તપાસ કરાવી આ બન્ને ઓફીસરો એ કઈ લાચ (ભ્રષ્ટાચાર) કરીને રૂમ નં.૬૭,૬૮ નો આખો બાંધકામ ગેરકાયદેસર બાંધકામ પુરુ કરાવી દીધુ એ ઓફિસરો પર અને રૂમ નં.૬૭,૬૮ પર કઈ કાર્યવાહી કરી છે તેની નકલો તથા કઈ કાર્યવાહી કરવામાં આવશે તેની ચોખવટની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે પ્રશ્નવાળી મિલ્કત બાબતે વેસ્ટઝોન તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની નકલ તથા લાગત કર્મચારી ઉપર કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નકલના રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તે સિવાયની બીજી કોઈ માહિતી વેસ્ટઝોનની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં ઝવેરાતની દુકાન સ્થળ ઉપર ચાલુ થયેલ છે એના પર કઈ કાર્યવાહી કરી નોટીસ આપી છે તેની નકલો તેવી મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અરજદારે તેમાં વીજીલન્સ તપાસની નકલો અપાયેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારની જાણ હેઠળ વીજીલન્સ ડીપાર્ટ.ને અરજી તબદીલ કરવામાં આવેલ છે. અમોએ જવાબ કમિ. વીજીલન્સ અને સી. વાય. ભટ્ટ પાસેથી માંગવામાં આવેલ છે . આ જવાબ આર પી. પટેલ અને આરવી.ગામીતે આપેલ છે. તેથી તે ખોટો જવાબ છે અને તબદીલી કેમ કરાયેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તેની સામે જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી પત્ર જોતાં વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૭૭૯ તા.૨૪–૨–૧૧ ના પત્રથી ઈ.ચા. ડે.કમિ.શ્રી રાંદેરઝોન સી.વાય.ભટ્ટ તરફથી જવાબ કરવામાં આવેલ છે તથા તબદીલી અંગે પણ વેસ્ટઝોન તરફથી વીજીલન્સ વિભાગને વેસ્ટઝોન/૭૫૪ તા.૧૯–૨–૧૧ થી લાગત માહિતી અંગે તબદીલ કરવામાં આવેલ છે જ. મુદ્દા નં.(૨) તા.૬–૯–૧૦ ના આ.નં.૧૦૧/૧ કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન તરફથી આર પી પટેલ ને જે મેમો આપ્યો અને કમિ.શ્રીએ તા.૧૬–૯–૧૦ ના શેરા અન્વયે આપના ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો ખુલાસો દિન–૭ માં નીચે સહી કરનારને તે ખુલાસાની નકલો અને કાર્યવાહીની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૬–૯–૧૦ ના આ.નં.૧૦૧/૧ કાર્યપાલક ઈજનેર પશ્ચિમ વેસ્ટઝોન એસએમસી તરફથી આર પી. પટેલને જે મેમો આપ્યો અને કમિ. એસએમસી તા.૧૬–૯–૧૦ ના શેરા અન્વયે ઝોન ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો ખુલાસો દિન–૭ માં નીચે સહી કરનારને કરશો તે ખુલાસાની નકલ અને કાર્યવાહીના નકલના રૂા.૨/– ઝોન કચેરીએથી ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. મુદ્દા નં.(૩) નં.વીઆઈડી/૧૨૧૪ તા.૨૯–૧૦–૧૦ થી વીજીલન્સે વેસ્ટઝોનના પત્રમાં જણાવેલ છે રૂમ નં.૬૭ ૬૮ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબત વેસ્ટઝોન તરફથી પત્ર ક્રમાંક આં. નં.૧૦૭૯ તા.૨૫–૧૦–૧૦ થી જવાબ આપેલ છે જેમાં જણાવ્યા મુજબ હાલમાં સ્થળ તપાસ કરતાં સ્થળે બાંધકામ અટકાવવામાં આવેલ નથી પરંતુ આ બાંધકામ પ્રગતિમાં હોવાનું જણાવેલ છે. ભ્રષ્ટ ઓફિસરોની વીજીલન્સ તપાસ કરાવી કે નહીં. વીજીલન્સ રીપોર્ટ તથા રૂમ. નં.૬૭ ૬૮ નું બાંધકામ ગેરકાયદેસર કેવી રીતે પુરું થયું તેની તપાસ વીજીલન્સ રીપોર્ટ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી વેસ્ટઝોનની કચેરીએ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. વધુમાં તે અંગે વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૭૫૪ તા.૧૯–૨–૧૧ થી મુદ્દા નં.૩ અંગે વીજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.૩ માં વીજલન્સ તપાસની રીપોર્ટની નકલ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે.

આમ અરજદારને મુદ્દા નં.૧ અંગે મિલ્કતની કાર્યવાહીની નકલ તથા લાગત કર્મચારી ઉપર કરવામાં આવેલ કાર્યવાહીની નકલ અંગે રૂા.૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે કર્મચારીના ખુલાસાની નકલ તથા રીપોર્ટની કાર્યવાહીની નકલ ના રૂા.૨/– લેખે ભરપાઈ કરીને મેળવવા જણાવેલ છે. જયારે મુદ્દા નં.૩ અંગે અરજી વીજીલન્સ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે.જેથી તેની માહિતી વીજીલન્સ વિભાગે પૂરી પાડવી રહે. પરંતુ અરજદારે તે મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રકાશ અપીલ તબકકે પાડેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી અરજદારને માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ અંગેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોને આપેલ માહિતીમાં નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરીને અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૧ માં ઝવેરાતની દુકાન સ્થળ ઉપર ચાલુ થયા અંગે કાર્યવાહી અને નોટીસ અને તેની નકલ બાબતે અરજદારે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૩ જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અંગે વીજીલન્સ રીપોર્ટની તપાસની માહિતી અંગે તેવી કોઈ વિગતો હોય તો તે અથવા દફતરી હકીકતલક્ષી વિગતો જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પૂરી પડાયેલ નહીં હોવાની અપીલમાંની અરજદારની રજૂઆતને અનુલક્ષી મુદ્દા નં.૩ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી,